# કોસંબામાં ત્રણની હત્યા કરનારા આરોપી દંપતીને કોર્ટમાં રજૂ કરાયું

**સાત** ૭ દિવસનાં રિમાન્ડ, લોકોની એક જ માંગ, હત્યારાઓને કડક સજા કરો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: ગુજરાત રાજ્યભરમાં હાહાકાર મચાવનાર કોસંબાના ચર્ચિત ત્રિપલ મર્ડર કેસમાં ધરપકડ કરાયેલા આરોપી પતિ-પત્નીને પોલીસે કોર્ટમાં રજૂ કરતાં અદાલતે તેમનાં સાત ૭ દિવસનાં રિમાન્ડ મંજૂર કર્યાં છે.

પોલીસ તપાસ દરમિયાન આરોપી પતિ માધવદાસ ભક્તિરામ સાધુ અને પત્ની ઊર્મિલાબેન ઉર્ફે જયાએ ત્રણેય ગુનાની કબૂલાત કરી હતી. મિલકત હડપ કરવાના ઈરાદાથી ૭ ઓક્ટોબર-૨૦૨૨ના રોજ આરોપી ઉર્મિલાએ પોતાની ૭૦ વર્ષીય દાદી શાંતાબેન ગંભીરભાઈ વસાવાની મોં પર ઓશિકું દબાવીને હત્યા કરી હતી. આ ઉપરાંત, લખવાની બીમારીથી પીડાતા અને શરીર પર ચાંદા પડી ગયેલા ૬૫ વર્ષીય માતા મંજુલાબેન ભક્તિરામ સાધુની સારસંભાળ રાખવાના કંટાળામાં ૧૯ જુલાઈ ૨૦૨૨ના રોજ પતિ-પત્નીએ મળી તેમની પણ શ્વાસ રૂંધાઈને હત્યા કરી નાંખી હતી. જ્યારે ટીબીની બીમારીથી પીડાતી અને દવાના ખર્ચથી કંટાળીને સાળી ભારતીબેનની ૨૫ ફેબ્રુઆરી-૨૦૨૨ના રોજ ઓશિકા વડે મોં દબાવીને પતાવી દીધી હતી. આ બનાવમાં લોકોની એક જ માંગ છે કે હત્યારાઓને કડકમાં કડક સજા થાય. હાલ તો કોસંબા પોલીસે દંપતી સામે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગુજરાત ભાડા વિધેયકની હોળી કરી અંકલેશ્વરના વકીલોનો વિરોધ

**ત્રણ** દિવસની હડતાળથી અસીલો અને પક્ષકારોએ પરત ફરવું પડ્યું

**માંગરોળમાં** વકીલો કાનૂની કામગીરીથી અળગા રહેશે


સુરેશ ગાંધી

અંકલેશ્વર, વાંકલ, માંડવી: રાજ્ય સરકારના ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ની જોગવાઈઓના વિરોધમાં અંકલેશ્વર વકીલ મંડળ દ્વારા તા.૧થી ૩ ઓક્ટોબર સુધી ત્રણ દિવસની હડતાળનું એલાન કરવામાં આવ્યું છે. હડતાળના પ્રથમ દિવસે વકીલો કોર્ટના કામકાજથી અળગા રહ્યા હતા અને કોર્ટ પરિસર બહાર વિધેયકની નકલોની હોળી કરી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

અંકલેશ્વર વકીલમંડળે વિધેયકની જોગવાઈઓ સામે વિરોધ કરવાનો સર્વાનુમતે ઠરાવ કર્યો હતો. વકીલોના જણાવ્યા મુજબ ભાડા સંબંધિત વિવાદોના નિવારણ માટે રેન્ટ ઓથોરિટી, રેન્ટ કોર્ટ અને રેન્ટ ટ્રિબ્યુનલની ત્રણ સ્તરીય વ્યવસ્થા ઊભી કરવાની જોગવાઈ કરવામાં આવી છે. આ વ્યવસ્થામાં વહીવટી અધિકારીઓને આપવામાં આવતી સત્તાઓ અંગે વકીલ મંડળે વાંધો વ્યક્ત કર્યો છે. વકીલોના મતે ભાડા સંબંધિત વિવાદોમાં ન્યાયિક પ્રક્રિયાની ભૂમિકા અને પક્ષકારોને મળતા કાનૂની રક્ષણ અંગે સ્પષ્ટતા જરૂરી છે. વિધેયકની વિવાદાસ્પદ જોગવાઈઓમાં જરૂરી સુધારા કરવામાં આવે અથવા તેનો પુનર્વિચાર કરવામાં આવે તેવી માંગ સાથે વકીલોએ વિરોધ નોંધાવ્યો છે. ત્રણ દિવસની હડતાળના કારણે કોર્ટમાં કામગીરી માટે આવેલા અસીલો અને પક્ષકારોને પણ પરત ફરવાની ફરજ પડી છે.

ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬'માં કરવામાં આવેલા સુધારાના વિરોધમાં માંગરોળ તાલુકા વકીલ મંડળ દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. વકીલ મંડળ દ્વારા તા.૩૦/૯/૨૦૨૬થી તા.૩/૧૦/૨૦૨૬ સુધી અગત્યનાં કામો સિવાય તમામ કોર્ટ કામગીરીથી અળગા રહેવાનો સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો છે. આ અંગેની સત્તાવાર જાણ પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ અને એડી સિવિલ જજને પત્ર લખીને કરી દેવામાં આવી છે. 'ગુજરાત ભાડા વિધેયક-2026'ના નવા કાયદાથી જનતા અને વકીલોને પડનારી મુશ્કેલીઓ મુદ્દે માંડવી તાલુકા વકીલ મંડળે સખત વિરોધ દર્શાવ્યો છે. બાર એસોસિએશને તા.1થી 3 ઓક્ટોબર દરમિયાન તમામ વકીલોને કોર્ટ કામકાજથી અળગા રહેવાનો ઠરાવ કર્યો છે. પ્રમુખ પ્રતાપભાઈ શર્મા અને મંત્રી મનીષભાઈ ટેલરે પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજને પત્ર પાઠવી, વકીલો કે પક્ષકારોની ગેરહાજરીમાં એકતરફી હુકમ ન કરવા, કેસ રદ ન કરવા કે સમન્સ-વોરંટ ન ઈશ્યુ કરવા વિનંતી કરી છે.

# સગીરા સાથે દુષ્કર્મના કેસમાં આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

**અંકલેશ્વર** સ્પેશિયલ પોક્સો કોર્ટનો ચુકાદો, રૂ.૨૫ હજારનો દંડ પણ ફટકાર્યો

અંકલેશ્વર: અંકલેશ્વર સ્પેશિયલ પોક્સો કોર્ટના સેશન્સ જજ એસ.પી.રાહતકરે સગીરા સાથે દુષ્કર્મના કેસમાં આરોપી યોગેશ વેચાણ વસાવાને ૨૦ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ.૨૫ હજારનો દંડ ફટકારતો હુકમ કર્યો છે.

મળતી વિગતો મુજબ વાલિયા વિસ્તારની સગીરા સાથે તેની મરજી વિરુદ્ધ બળજબરીપૂર્વક વારંવાર દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાની ફરિયાદ સગીરાની માતાએ તા.૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વાલિયા પોલીસ મથકે નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે માંગરોળના વકીલપરા ગામના રહેવાસી યોગેશ વેચાણ વસાવાની ધરપકડ કરી હતી. સમગ્ર ગુનાની તપાસ ભરૂચની ઈન્વેસ્ટિગેશન યુનિટ ક્રાઈમ અગેન્સ્ટ વુમન શાખા દ્વારા હાથ ધરવામાં આવી હતી.

આ કેસની સુનાવણી અંકલેશ્વરની સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. દરમિયાન સરકારી વકીલ પીયૂષ રાજપૂતે કોર્ટ સમક્ષ આશરે ૩૦ દસ્તાવેજી તેમજ ૧૬ મૌખિક પુરાવા રજૂ કરી આરોપી સામેની દલીલો રજૂ કરી હતી. કોર્ટ દ્વારા રજૂ થયેલા પુરાવા અને દલીલોને ધ્યાને લઈ આરોપી યોગેશ વેચાણ વસાવાને ૨૦ વર્ષની સખત કેદની સજા તથા રૂ.૨૫ હજારનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જો આરોપી દંડ ન ભરે તો વધુ પાંચ મહિનાની સાદી કેદની પણ જોગવાઈ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### ભરૂચ જિ.પં.ની કારોબારી બેઠકમાં સાત એજન્ડાને સર્વાનુમતે બહાલી



ભરૂચ: ભરૂચ જિલ્લા પંચાયત કચેરીના સમિતિ ખંડ ખાતે ગુરુવારે કારોબારી ચેરમેન પ્રવીણભાઈ પટેલની અધ્યક્ષતામાં કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં DDO યોગેશ કાપસે ઉપસ્થિતિમાં મળતા રજૂ કરાયેલા ૭ જેટલા એજન્ડા પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરી તમામને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. બેઠકમાં ગત કારોબારી સમિતિની કાર્યવાહી નોંધ તથા તે બેઠકમાં કરાયેલા ઠરાવો પર લેવાયેલાં પગલાંનો અહેવાલ વંચાણે લેવામાં આવ્યો હતો, જેમાં મહેસૂલી અરજીઓનો નિકાલ, વિકાસનાં કામો અને વહીવટી મંજૂરીઓ આપવામાં આવી હતી. ઉપરાંત રૂ.૫૦ લાખ સુધીનાં કામોનાં સ્વીકારેલાં ટેન્ડરોને બહાલી આપવામાં આવી હતી. આ બેઠકમાં હાલમાં પ્રગતિ હેઠળનાં ૪૭ જેટલાં વિકાસ કાર્યોની સમીક્ષા કરવામાં આવી હતી. સાથોસાથ સિંચાઇની કન્સ્ટ્રક્શન પ્રોટેક્શન વોલ તેમજ જંબુસરના ભાણખેતર ખાતેની પ્રોટેક્શન વોલ જેવા મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

### રાજપીપળામાં સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ



સુરત: રાજપીપળાની શ્રી અંબુભાઈ પુરાણી હાઈસ્કૂલ ખાતે 'સશસ્ત્ર દળ સન્માન કાર્યક્રમ' યોજાયો હતો. યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ જગાડવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં દેશની સરહદો સાચવનાર જિલ્લાના ૬ નિવૃત્ત વીર જવાનો લક્ષ્મણસિંહ રાઉલજી, સુરેશભાઈ વસાવા, વિજયકુમાર વસાવા, સુરેન્દ્રસિંહ પાંજરોલીયા, હસમુખભાઈ પટેલ અને નંદુભાઈ વસાવાનું સાલ ઓઢાડી તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે ખાસ ઉપસ્થિત રહી સૈનિકોની રાષ્ટ્રસેવાને બિરદાવી વિદ્યાર્થીઓને દેશસેવા અને શિસ્તની પ્રેરણા આપી હતી. આ પ્રસંગે જિલ્લા યુવા વિકાસ અધિકારી દિલીપ દેસાઈ, કેપ્ટન રાહુલ ઠક્કર, પ્રિન્સિપાલ જીગ્નેશભાઈ પટેલ સહિત બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને કેડેટ્સ હાજર રહ્યા હતા.

### ગરુડેશ્વર ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

સુરત: ગરુડેશ્વરના સ્થાનિક ગ્રામજનો અને યુવાનો દ્વારા માં નર્મદાના પવિત્ર કિનારે વિયર ડેમ નજીક એક સાફ-સફાઈ ઝુંબેશ યોજવામાં આવી હતી. સફાઈ અભિયાન દરમિયાન સ્વયંસેવકોએ પથરાળ કિનારા પરથી પ્લાસ્ટિકની થેલીઓ, પૂજા સામગ્રી, નકામા કપડાં અને અન્ય અપ્રાકૃતિક કચરો વીણીને એકત્ર કરી યોગ્ય નિકાલની વ્યવસ્થા કરી હતી.

### બોરભાઠા બેટમાં 'વન કવચ'નું લોકાર્પણ

અંકલેશ્વર: અંકલેશ્વરના બોરભાઠા બેટ ગામે સામાજિક વનીકરણ વિભાગ, ભરૂચના અંકલેશ્વર રેન્જ દ્વારા નિર્માણ કરાયેલા 'વન કવચ'નું રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ 'વન કવચ'માં સામાજિક વનીકરણ વિભાગ દ્વારા ઇમારતી, ઔષધીય સહિતની વિવિધ ૧૦૧ પ્રજાતિના આશરે ૩૦ હજાર વૃક્ષોનું વાવેતર કરી તેનો ઉછેર કરવામાં આવ્યો છે. વન કવચના લોકાર્પણ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

### ભરૂચ જિલ્લા સાયબર જાગૃતિ રથને લીલી ઝંડી



ભરૂચ: સાયબર પોલીસ સ્ટેશન ભરૂચ તથા SRF ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે તૈયાર કરાયેલા ખાસ 'સાયબર જાગૃતિ રથ'નું એસપી કચેરી ખાતેથી જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ નિરીક્ષણ કરી લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સામાજિક પહેલમાં SRF કંપની દ્વારા વાનની સુવિધા સાથે સંપૂર્ણ સહયોગ આપવામાં આવ્યો છે. જ્યાં સુધી સમગ્ર ભરૂચ જિલ્લાના તમામ વિસ્તારોમાં આ જાગૃતિ અભિયાન પૂર્ણ ન થાય, ત્યાં સુધી આ રથ કાર્યરત રહેશે તેવી ખાતરી વ્યક્ત કરવામાં આવી છે. જિલ્લા પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે, કોઈપણ અજાણી લિંક પર ક્લિક ન કરવું, અજાણ્યા વ્યક્તિ સાથે બેંક વિગતો કે ઓટીપી (OTP) શેર ન કરવો અને કોઈપણ સાયબર છેતરપિંડીના કિસ્સામાં તુરંત સાયબર હેલ્પલાઈન 1930 પર અથવા નજીકના સાયબર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો.

# માંડવીમાં વીજ થાંભલા પર ઝાડ ધરાશાયી થતાં બાઈકચાલક ઘાયલ

માંડવી: માંડવીના ઘંટોલી-દેસાઈવાડી માર્ગ પર અચાનક વીજ થાંભલા પર તોતિંગ ઝાડ ધરાશાયી થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. ઝાડના ઝટકાથી વીજ થાંભલો માર્ગ પરથી પસાર થતા બાઈકચાલક પર તૂટી પડતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. બનાવની જાણ થતાં મોરીઠા ગામના સરપંચ કમલેશ ચૌધરીએ ઘટના સ્થળે પહોંચી ઈજાગ્રસ્તને 108 મારફતે તાત્કાલિક રેફરલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. સ્થાનિક ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિની સૂચનાથી GEB અને વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ હોસ્પિટલ પહોંચી ખબરઅંતર પૂછ્યા હતા. બીજી તરફ, રસ્તા પર પડેલા વૃક્ષ અને વીજ થાંભલાને દૂર કરી વન વિભાગ તથા વીજ કંપનીની ટીમોએ વાહનવ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો અને વીજ લાઈન સમારકામ હાથ ધરી મોટી હોનારત ટાળી હતી.

# કેવડિયામાં પેટ્રોલ પૂરવા માટે ગાડી આગળ લેવા મુદ્દે બે જૂથ વચ્ચે ધીંગાણું

**મામૂલી** બાબતે બોલાચાલી બાદ લોહિયાળ હુમલો, પિતા-પુત્ર સહિત બંને પક્ષે સામસામે ફરિયાદ

રાજપીપળા: કેવડિયાસ્થિત કોકો (ઈન્ડિયન) પેટ્રોલ પંપ પર ૨૯ સપ્ટેમ્બરે સાંજે પેટ્રોલ પુરાવા બાબતે બે જૂથ વચ્ચે બોલાચાલી બાદ હિંસક ઝઘડો થયો હતો. આ મામલે કેવડિયા પોલીસ સ્ટેશનમાં બંને પક્ષો દ્વારા સામસામે ક્રોસ એફઆઈઆર નોંધાવવામાં આવી છે.

રાજપીપળાના વેપારી અનીશખાન દિવાનખાન બલુચીએ નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ કેવડિયા ખાતે દુકાન બંધ કરી મોપેડ નં.(જીજે 22 એસ 0816) અને તેમનો પુત્ર અયાસખાન બાઈક નં.(જીજે 22 એફ 0474) લઈ સાથે પેટ્રોલ પંપ પર ગયા હતા. ત્યાં બુલેટ ચાલક જયભાઈ રબારી ફોન પર વાત કરતા હોવાથી અનીશખાને પોતાની મોપેડ આગળ લીધી હતી. આ બાબતે ઉશ્કેરાઈને જય રબારીએ મારો વારો છે પેટ્રોલ પુરાવાનો તમે કેમ ગાડી આગળ કરી કહી તેમની સાથે ગાળાગાળી કરી હાથમાં પહેરેલું કડું માથાના પાછળના ભાગે મારી દીધું હતું. ઘટના દરમિયાન જયના પિતા રમેશભાઈ પોતાની સ્વિફ્ટ ગાડી નં. (જીજે 22 એચ 2509) લઈ આવી ફાઈબરની લાકડી વડે અનીશખાન અને તેમના પુત્ર પર હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ બનાવમાં અનીશખાનને પાંચ ટાંકા આવ્યા હતા. જ્યારે તેમનો પુત્ર પણ સારવાર હેઠળ છે.

બીજી તરફ એકતાનગરના રહીશ અને કોલેજિયન જયકુમાર રમેશભાઈ રબારીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર તેઓ પેટ્રોલ પંપ પર બુલેટ નં. (જીજે 22 ક્યૂ 5162) લઈ લાઈનમાં ઊભા હતા. ત્યારે પાછળથી મોપેડ લઈને આવેલા અનીશખાન બલુચીએ ગાડી આગળ લેવા બાબતે ઝઘડો શરૂ કર્યો હતો. બાદ અનીશખાન અને તેમના પુત્ર અયાસખાને ભેગા મળી જય રબારીને ગાળો આપી, ઝપાઝપી કરી જમીન પર પાડી દઈ લાતો અને મૂઢ માર માર્યો હતો તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ઘટના બાદ ૧૧૨નો પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ટ્રોમા સેન્ટર તથા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા છે. કેવડિયા પોલીસે બંને પક્ષની ફરિયાદોના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બારડોલીમાં યુવતી-માતા ઉપર હુમલો, ૪ સામે ગુનો નોંધાયો

**મહિલા** સામે બીભત્સ ચેનચાળાં કરવાનો વિરોધ કરતાં પરિવાર પર પથ્થર અને હથિયાર વડે જીવલેણ હુમલો

બારડોલી: બારડોલીના આશિયાનાનગર કબીરનગર વિસ્તારમાં એક યુવતી અને તેની માતાને હેરાનગતિ કરી, બીભત્સ ચેનચાળાં કરવા તેમજ ઝઘડો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગત તા.૨૯ સપ્ટેમ્બરે સવારના અરસામાં યુવતી જ્યારે દુકાનેથી પરત ફરી રહી હતી. ત્યારે સોસાયટીમાં રહેતા જાનમહમદ રજ્જબ રાઈન નામના શખ્સે તેની સામે આવીને અશોભનીય અને બીભત્સ શબ્દો કહી હેરાનગતિ કરી હતી. ત્યારબાદ સાંજના સમયે જ્યારે યુવતી અને તેની માતા બાજુની શેરીમાં કામ અર્થે ગયાં હતાં, ત્યારે આરોપીએ ત્યાં પણ આવીને માતા સામે બીભત્સ ચેનચાળાં કર્યાં હતાં. જ્યારે માતાએ આ બાબતે વિરોધ કરી આવું ન કરવા જણાવ્યું, ત્યારે આરોપી ઉશ્કેરાઈ ગયો હતો અને હાથમાં પથ્થર લઈ તેમને મારવાનો પ્રયત્ન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયો હતો.

આ મામલે સમાજમાં વાતચીત બાદ મામલો થાળે પાડવાનો પ્રયાસ થયો હતો, પરંતુ રાત્રિના સુમારે આરોપીનો પુત્ર ઈરસાદ જાનમહમદ રાઈન અને અન્ય બે અજાણ્યા ઈસમો યુવતીના ઘરની બહાર આવ્યા હતા અને બોલાચાલી કરી હતી. દરમિયાન ઈરસાદે કોઈ હથિયાર કે વસ્તુથી યુવતીની બહેનને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી તથા યુવતી, તેની માતા અને ભાઈને પણ મૂઢ માર માર્યો હતો. આ ઘટનાને પગલે ઈજાગ્રસ્ત યુવતીની બહેનને તાત્કાલિક બારડોલી સરકારી હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર અર્થે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે અને પોલીસે તપાસ હાથ ધરી છે.

# રાજપારડી ચાર રસ્તા નજીક બજાર વચ્ચે મગર આવ્યો



ઝઘડિયા, ભરૂચ: ઝઘડિયાના રાજપારડી ગામે મુખ્ય ચાર રસ્તા નજીક પતરાના ગલ્લા નીચે અચાનક એક મગર આવી પહોંચતા સ્થાનિક રહેવાસીઓમાં ભારે અચરજ સર્જાયું હતું. ભરચક બજાર અને અવરજવરવાળા વિસ્તારમાં મગર દેખાવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ ઘટના સ્થળે લોકોનાં ટોળેટોળાં એકત્ર થઈ ગયાં હતાં. બનાવની જાણ થતાં વન વિભાગની ટીમે મગરને પકડીને સુરક્ષિત સ્થળે છોડી દેવાની પ્રક્રિયા શરૂ કરી હતી.

# અંકલેશ્વરમાં ઉકાઈ જમણા કાંઠાની નહેર ઓવરફ્લો

**ગણેશ** વિસર્જનને કારણે નાળું જામ થતાં હજારો લીટર પાણી વેડફાયું

અંકલેશ્વર: અંકલેશ્વરના ગડખોલ નજીક ઉકાઈ જમણા કાંઠાની નહેર ઓવરફ્લો થઈ ગઈ હતી. જેના કારણે આસપાસના રસ્તાઓ પર પાણી ભરાઈ ગયું હતું અને હજારો લીટર પાણી વેડફાયું હતું.

રસ્તા પર ભરાયેલા પાણીને કારણે વાહનચાલકોને ખૂબ મુશ્કેલી પડી હતી. નહેર વિભાગના નાયબ ઈજનેર રાજેશ લાડે જણાવ્યું કે, ગણેશ વિસર્જનના કારણે નાળું જામ થઈ ગયું હતું. પાણીના નિકાલમાં


સુરેશ ગાંધી

અવરોધ થતાં નહેર ઓવરફ્લો થઈ હતી. આ તેનું પ્રાથમિક કારણ છે. પરિસ્થિતિ વધુ ખરાબ ન થાય એ માટે ઉપરવાસમાંથી આવતું પાણી નિયંત્રિત કરવાની કામગીરી શરૂ કરાઈ છે. તંત્ર દ્વારા પાણીનો પ્રવાહ નિયંત્રિત કરીને હાલત સુધારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. હાલમાં પણ રસ્તા પર પાણી ભરાયેલું હોવાથી વાહનચાલકો અને સ્થાનિકોને મુશ્કેલી પડી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંગરોળ તાલુકા કક્ષાનો કલા મહાકુંભ યોજાયો


ઈબ્રાહીમ કાનુ

હથોડા: યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સુરત તથા નવસર્જન અંગ્રેજી અને ગુજરાતી માધ્યમ શાળા, કોસંબાના સંયુક્ત ઉપક્રમે માંગરોળ તાલુકા કક્ષા કલા મહાકુંભ-2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય ગણપતસિંહ વસાવાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના ડિરેક્ટર દિલીપસિંહ રાઠોડ અને તરસાડી નગરપાલિકા પ્રમુખ રશ્મિબેન રાવલ, APMC કોસંબાના ચેરમેન સુરેન્દ્રસિંહ ખેર, APMC કોસંબાના ઉપપ્રમુખ પ્રભાતભાઈ પટેલ, તરસાડી નગરપાલિકા ઉપપ્રમુખ સુનીલભાઈ રાઘવાણી, તરસાડી નગરપાલિકા સંસ્કૃતિક સમિતિ અધ્યક્ષ રાગીણીબેન ગોસાઈ, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી સુરત તરફથી APO વિષ્ણુભાઈ અને Py.Do ફાલ્ગુનીબેન કલા મહાકુંભમાં હાજર રહ્યાં હતાં. આ કલા મહાકુંભમાં તાલુકાની વિવિધ શાળાઓના અંદાજે 650 વિદ્યાર્થીએ રાસ, ગરબા, ભરતનાટ્યમ, લોકનૃત્ય, સુગમ સંગીત, ચિત્રકલા અને નિબંધ લેખન જેવી સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા રજૂ કરી હતી.

### નર્મદા જિલ્લામાં સ્વચ્છતા ઝુંબેશ યોજાશે

સુરત: આજે શુક્રવારે મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે સમગ્ર ભારતભરમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાશે. આ અભિયાન હેઠળ સવારે ૮ કલાકે નર્મદા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સફાઈ કાર્યક્રમો યોજાશે. જેમાં રાજપીપળાના કાળિયાભૂત મંદિરથી લઈને કલેક્ટર કચેરી સુધીના માર્ગ પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવશે. જ્યારે કલેક્ટર કચેરીની વિવિધ શાખાઓના અધિકારી અને કર્મચારીઓ દ્વારા કલેક્ટર કચેરીનું પ્રાંગણ, કલેક્ટર કચેરીથી ગાંધી ચોક અને કરજણ કોલોની સુધીના વિસ્તારોમાં શ્રમદાન થકી સફાઈ અભિયાન હાથ ધરાશે.

### અંકલેશ્વર GIDCમાં આવેલી સંસ્કારદીપ વિદ્યાલયમાં જનની ચિંતન સભા



ભરૂચ: અંકલેશ્વર GIDCમાં આવેલ સંસ્કારદીપ વિદ્યાલયમાં યોજાયેલી જનની ચિંતન સભામાં જાણીતા વક્તા ગોપી મણિયાર ઘાંઘરે 'બાળ માનસની સમજણ' વિષય પર વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ગોપી મણિયાર ઘાંઘરે જણાવ્યું હતું કે, હું પોતે પણ બે બાળકોની માતા છું અને મારા બંને દીકરા મને બહુ પસંદ છે. બાળકને જન્મ આપ્યા બાદ તેમની ઉંમર સાથે સૌ પેરેન્ટ્સને માનસ માટે સમજણ ખૂબ જ જરૂરી છે. મોબાઈલના વધુ પડતા ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું કે, ખાસ કરીને બાળકો માટે ઘણા કિસ્સામાં મોબાઈલનો ઉપયોગ એ ચિંતાજનક સમસ્યા છે. ભલે બાળકને એજ્યુકેશન માટે જરૂરી છે. આ સભામાં કન્વીનર સહિત સંસ્કારદીપ ટ્રસ્ટના પ્રમુખ એન.કે.નાવડિયા, મંત્રી હિતેનભાઈ આણંદપુરા ઉપસ્થિત રહ્યા હતા.

### સેગવા હાઈસ્કૂલમાં 'ટિફિન દિવસ'ની ઉજવણી કરાઈ



પાલેજ: સેગવા હાઈસ્કૂલ ખાતે પોષણ માસની ઉજવણી અંતર્ગત 'ટિફિન દિવસ'ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈને વિવિધ પ્રકારની પૌષ્ટિક અને સ્વાદિષ્ટ વાનગીઓ બનાવીને ટિફિનમાં લઇ આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા લાવવામાં આવેલી વિવિધ વાનગીઓમાંથી પોષણની દૃષ્ટિએ વધુ યોગ્ય વાનગીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ મેળવનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓને ગામની આંગણવાડી તથા પ્રાથમિક શાળામાં લઈ જવામાં આવ્યા હતા.

### સુરતના ૧૦ વર્ષીય રુદ્ર જાદવની સિદ્ધિ


જયેશ પટેલ

સાયણ: સુરતના નાના એવા સ્કેટિંગ સ્ટાર રુદ્ર ચેતનકુમાર જાદવે કર્ણાટકના બેલગાવી ખાતે યોજાયેલી સ્કેટિંગ ઇવેન્ટમાં વર્લ્ડ રેકોર્ડ તોડી ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં નવો કીર્તિમાન સ્થાપિત કરી દેશનું નામ રોશન કર્યું છે. કર્ણાટકના બેલગાવી ખાતે આવેલી શિવગંગા રોલર સ્કેટિંગ ક્લબ ખાતે તા.૩૧ મેના રોજ યોજાયેલી ફાસ્ટેસ્ટ ૧૦૦ મીટર ઇનલાઇન સ્કેટ્સ બેકવર્ડ્સ ઇવેન્ટમાં ઓલપાડ પોલીસમાં નોકરી કરતા ચેતનકુમારના પુત્ર રુદ્રએ માત્ર ૧૭.૯૩ સેકન્ડમાં ૧૦૦ મીટરનું અંતર પાછળની તરફ સ્કેટિંગ કરીને નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો. આ પ્રસંગે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ એવોર્ડ આપનાર ટીમ રૂબરૂ હાજર રહી હતી અને નવા કીર્તિમાનની પુષ્ટિ કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપવા બદલ રુદ્રને મેડલ તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યું હતું.